જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૪/૨૦૨૩ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## ૧૮૧ અભયમ હેલ્પ લાઇનની ટીમ તથા નરોડા પોલીસ સ્ટેશનની પોલીસ યુવા વયની એક છોકરીને તેને હેરાન કરતા પુરૂષમીત્રથી પીછો છોડાવવા મદદે આવી

પશ્ચીમી સંસ્કૃતીનુ આંધળુ અનુકરણ આજના યુવાધનને ક્ષણીક તો આનંદ આપે છે. પરંતુ ભવિષ્ય અંધકારમય બનાવી દે છે તે બાબતની ૧૮૧ અભયમ હેલ્પ લાઇનની ટીમ તથા નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ માણસોએ એક યુવાવયની દિકરીને તેનુ જીવન બચાવી સમજ આપી.

તા.૨૬/૦૪/૨૦૨૩ ના રોજ એક ઇસમનો ૧૮૧ અભયમ હેલ્પ લાઇન પર ફોન આવે છે અને તેમની દિકરી તેમના કહ્યામા નથી અને એક નહિ પણ ઘણા બધા પુરૂષમીત્રો સાથે ફરે છે. જે પૈકીનો એક પુરૂષમીત્ર તેને ફોટા તથા મેસેજ વાયરલ કરવાની ધમકી આપી હેરાન પરેશાન કરે છે તેવી વાત કરતા ૧૮૧ અભયમની ટીમ તથા કંસલ્ટ પોલીસ સ્ટેશનના પોલીસ માણસો તુરંત સ્થળ પર પહોચી ગયેલ અને ફોન કરનાર ઇસમ તથા તેમની પુત્રી સાથે વાતચીત કરતા છોકરી યુવાનીના જોશમા અને પશ્ચીમી સંસ્કૃતીના અનુકરણમા પોતાનુ જીવન બરબાદ કરતી હોવાનુ જાણવા મળેલ જેથી છોકરીને ભણવામા ધ્યાન આપી પોતાનુ ભવિષ્ય સુધારવા સમજાવેલ અને પોતાના પિતાની વાત સાંભળી પોતાનુ જીવન બરબાદ નહિ કરવા સમજાવેલ અને છોકરીના પિતાને પણ છોકરી સાથે સારી વર્તણુક રાખી છોકરીનુ ભવિષ્ય સુધારવાની સમજ આપતા પિતા-પુત્રી બંન્ને માની ગયેલ અને ત્યારબાદ આ છોકરીને હેરાન કરતા પુરૂષ મીત્રને બોલાવી ખોટી રીતે હેરાન કરશે તો કાયદાકીય પગલા લઇ કડક કાર્યવાહી કરવાનુ જણાવતા આ હેરાન કરનાર ઇસમે માફી માંગી ફરીથી આવુ નહિ કરવાની બાહેધરી આપેલ જેથી બંન્ને પક્ષ વચ્ચે સમાધાન કરાવી સમસ્યાનો સુખદ અંત લાવી ૧૮૧ અભયમ હેલ્પ લાઇનની ટીમ તથા નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ માણસોએ યુવાવયની છોકરીનુ ભવિષ્ય સુધારી સરાહનીય કામગીરી કરેલ છે.

**કામગીરી કરનાર ટીમ :-** નરોડા પોલીસ સ્ટેશન ૧૮૧ અભયમ ટીમ



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૮૫/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૫ કેસ કરી, ૫૨ વ્યક્તિઓને ઝડપી, ૮૬ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૪ ક્વૉટર ઈંગ્લીશ દારૂ અને ૦૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૭ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૬,૭૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૮૬/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડ ચોરીઃ-** **સમાચાર યાદી નં.૬૮૭/૨૦૨૩**

**વેજલપુરઃ** મોહમદરફીક ગુલામરસુલ શેખ (ઉ.વ.૫૨)(રહે,અલનુર ડુપ્લેક્ષ, અમ્માર રેસીડેન્સીની બાજુમાં મસ્તાન મસ્જીદ રોડ ફતેવાડી કેનાલ પહેલા, ફતેવાડી) એ તા.૨૬/૦૪/૨૦૨૩ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૪/૨૦૨૩ રાતના ૯/૩૦ થી તા.૨૬/૦૪/૨૦૨૩ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાની જાળી તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૭૬,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૧,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.પી.ચૌધરી ચલાવે છે.

**કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૬૮૮/૨૦૨૩**

**વાસણાઃ** શંભુલાલ માંગીલાલ બૈરવા (ઉ.વ.૨૨)(રહે.સ્વામીનારાયણ વિભાગ-૪ પાસે રાધે ફાર્મ ની ઓરડીમાં ન્યુ વાસણા) તા.૨૬/૦૪/૨૦૨૩ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ટેમ્પામાં રાખેલ આઇસક્રીમનું ફ્રીજ ચાર્જીગમાં ચાલુ હતુ ત્યારે ફ્રીજની સાફ-સફાઇ કરતી વખતે શંભુલાલને શરીરે વીજ કરંટ લાગતા સારવાર માટે તેમને સોલા સિવિલ હોસ્પીટલ ખાતે લઇ જતા બપોરના ૩/૪૫ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી વિનોદકુમાર થાવરાજી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૬૮૯/૨૦૨૩**

**ગુજરાત યુનિવર્સીટીઃ** આંબાવાડી પંચવટી બીજી લાઈન, ગીરીરાજ કોલોની, ધ્રુવીન એપાર્ટમેન્ટ ખાતે પી.જી.માં રહેતા શિવ મહેન્દ્રભાઈ મીસ્ત્રી(ઉ.વ.૨૩)(મુળ રહે.જય યોગેશ્વર જલારામ મંદિરની સામે સમાગામ વડોદરા શહેર) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૪/૨૦૨૩ સવારના ૬/૨૫ વાગ્યા પહેલા ધ્રુવીન ફ્લેટ ના ધાબા ઉપર થી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે ગુજરાત યુનિવર્સીટી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.ચૌધરી ચલાવે છે.

**એલીસબ્રીજ**ઃ અલિના વા/ઓ અરબાઝુદ્દીન શેખ (ઉ.વ.૨૫) (રહે.ઉરવાપાર્ક મસ્તાન મસ્જીદ, ફતેહવાડી, જુહાપુરા) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૪/૨૦૨૩ સવારના ૯/૪૫ વાગ્યાના સુમારે એસ.વી.પી. હોસ્પિટલના બારમા માળેથી નીચે પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.બી.રાઠોડ ચલાવે છે.

**વાસણા**ઃ નંદનીબહેન બકુલભાઇ ચૌધરી (ઉ.વ.૧૬)(રહે.વૈશાલી ટાઉનશીપ, વાસણા) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૪/૨૦૨૩ ના કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે વૈશાલી ટાઉનશીપના ચોથા માળેથી નીચે પડતુ મુકતા, શરીરે ગંભીર ઇજાઓ થતા, સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા..૨૬/૦૪/૨૦૨૩ બપોરના ૩/૧૫ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.કે.પરીખ ચલાવે છે.

**મેઘાણીનગર**ઃ સુરેશભાઇ ચુનીલાલ મેઘવાલ(ઉ.વ.૪૮)(રહે,મોહનલાલ વકિલની ચાલી ચમનપુરા મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૪/૨૦૨૩ સાંજના ૬/૪૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે બારીની જાળી સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી લક્ષ્મણભાઇ અભાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી